# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 12-09-2026 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## પર્યાવરણ મંત્રી આવતીકાલથી બે દિવસ કચ્છની મુલાકાતે

**કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવ આવતીકાલે, ૧૩ સપ્ટેમ્બરથી બે દિવસીય કચ્છ જિલ્લાના પ્રવાસે આવી રહ્યા છે. આ મુલાકાત દરમિયાન તેઓ પર્યાવરણ, વન્યજીવ સંરક્ષણ અને દરિયાઈ પરિસ્થિતિ અંગે વિવિધ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને સમીક્ષા કરશે.**

**પ્રવાસના પ્રથમ દિવસે, આવતીકાલે તેઓ ભુજમાં યોજાનાર વિશેષ કાર્યક્રમમાં મંત્રીશ્રી મેન્ગ્રુવ કન્ઝર્વેશન પર વર્કશોપનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે તેઓ 'કોફી ટેબલ બુક', 'મેન્ગ્રુવ એટલાસ ઓફ ગુજરાત'નું વિમોચન અને 'MGIS પોર્ટલ'નું લોકાર્પણ કરશે. આ ઉપરાંત, તેઓ વન્યજીવ તથા દરિયાઈ પર્યાવરણ સંરક્ષણ, ઘોરાડ અને ચિત્તા પ્રોજેક્ટ તેમજ ઘાસ સુધારણા અંગે ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજશે.**

**બીજા દિવસે, ૧૪ સપ્ટેમ્બરે સવારે ૦૭:૩૦ કલાકે નલિયા ગ્રાસલેન્ડ ખાતે તેઓ જી.આઈ.બી. સોફ્ટ રીલીઝ સેન્ટરનું ઉદ્ઘાટન અને 'સાંયરા વન કવચ'નું લોકાર્પણ કરશે. અહીં તેઓ ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડના સંરક્ષણ અને પુનઃસ્થાપનની કામગીરીનું નિરીક્ષણ કરશે. ત્યારબાદ તેઓ જખૌ મેન્ગ્રુવ નર્સરી અને સીવીડ સીડ બેંકની મુલાકાત લેશે. આ સમગ્ર પ્રવાસ દરમિયાન રાજ્ય અને સ્થાનિક કક્ષાના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહેશે..**

**--------------------------------------------------------------------------------**

# અંજારમાં તાલુકા લાયબ્રેરીનું લોકાર્પણ

અંજાર ખાતે ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાના હસ્તે સરકારી તાલુકા પુસ્તકાલયનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે શાળા-કોલેજો નજીક ગ્રંથાલય બનવાથી વિદ્યાર્થીઓ અને યુવાનોમાં વાચન સંસ્કૃતિનો વ્યાપ વધશે અને ભવિષ્યમાં આ કેન્દ્ર 'ઈ-લાઇબ્રેરી' બનશે.

આ પ્રસંગે નગરપતિ ધર્મિષ્ઠાબેન ખાંડેકા અને રાજકોટ વિભાગના મદદનીશ ગ્રંથાલય નિયામક અનિષાબેન સુમરાએ વિદ્યાર્થીઓ તથા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવાનોને આ જ્ઞાનકેન્દ્રનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં નગરપાલિકાના પદાધિકારીઓ, સ્થાનિક અગ્રણીઓ અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

--------------------------------------------------------------------------------

# કચ્છમાં ઘાસચારાનું વિતરણ

કચ્છમાં વરસાદ ખેંચાવાથી પશુપાલકોની ઘાસચારાની જરૂરિયાત પૂરી કરવા રાજ્ય સરકાર દ્વારા રાહત દરે ઘાસનું વિતરણ ચાલી રહ્યું છે. જિલ્લામાં અત્યાર સુધી ૧૭ લાખ કિલોગ્રામથી વધુ ઘાસ પશુઓ માટે અપાયું છે.

માંડવી તાલુકામાં ૨૩ જુલાઈથી શરૂ થયેલા વિતરણમાં ૯૦ ગામોને આવરી લેતા ૧૦ ડેપો કાર્યરત છે. ૧ લાખ ૪૦ હજાર ૦૮૯ પશુધન સામે ૫ હજાર ૩૦૦ ઘાસકાર્ડ ઇશ્યૂ કરાયા છે અને અત્યાર સુધી ૪ લાખ કિલોથી વધુ ઘાસ વહેંચાયું છે. બજારમાં ૧૫ થી ૧૬ રૂપિયા પ્રતિ કિલો મળતું ઘાસ સરકાર માત્ર ૨ રૂપિયા પ્રતિ કિલોના રાહત ભાવે આપી રહી છે, જે માલધારીઓ અને ખેડૂતો માટે મોટો આર્થિક આધાર બન્યો છે.

--------------------------------------------------------------------------------

## કાળાડુંગર પર સ્વચ્છતા અભિયાન

કચ્છના સૌથી ઊંચા પર્યટન સ્થળ કાળાડુંગર ખાતે પ્રવાસન વધતા પ્લાસ્ટિક કચરાની સમસ્યા નિવારવા 'સ્વચ્છ કાળાડુંગર અભિયાન' શરૂ કરવામાં આવ્યું છે. કચ્છ પૂર્વ વન વિભાગ અને અગ્રોસેલ ફાઉન્ડેશન વચ્ચે ત્રણ વર્ષના કરાર હેઠળ આ સંયુક્ત પહેલ હાથ ધરાઈ છે. માત્ર ચાર મહિનામાં ૨,૫૦૦ કિલો પ્લાસ્ટિક કચરો એકત્ર કરાયો છે. જેમાં જૂનમાં ૧૨૦૦ કિલો, ઓગસ્ટમાં ૨૦૦ કિલો અને સપ્ટેમ્બરમાં ૧૧૦૦ કિલો કચરો નિકાલ કરાયો છે. આ અભિયાન જમીની સ્તરે સ્વચ્છતા, કચરાનું રિસાઈકલિંગ અને જાગૃતિ જેવા સ્તંભો પર કામ કરી પ્રવાસીઓના જવાબદાર વર્તનને પ્રોત્સાહન આપી રહ્યું છે.

-------------------------------------------------------------------------------

## મથલ નજીક નર્મદાની પાઇપલાઇનમાં લીકેજ

નખત્રાણા તાલુકાના મથલ ગામ નજીક નર્મદાની પાઈપલાઈનના વાલ્વમાં મોટું લીકેજ થવાથી લાખો લીટર પાણી વેડફાયું છે. વરસાદની અછત વચ્ચે પાણીની ગંભીર સમસ્યા પ્રવર્તી રહી છે ત્યારે આ પ્રકારે પાણીનો બગાડ થવાથી સ્થાનિક ખેડૂતો અને પશુપાલકોમાં ચિંતા ફેલાઈ છે.

-------------------------------------------------------------------------------

## હવામાન

રાજ્યમાં કેટલીક જગ્યાએ આજે વરસાદી માહોલ તો કેટલીક જગ્યાએ વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. બપોરે 2 વાગ્યા સુધીમાં 42 તાલુકામાં વરસાદ થયાના અહેવાલ છે. સૌથી વધુ 2 ઇંચ જેટલો વરસાદ ડાંગના સુબીર તાલુકામાં નોંધાયો. કચ્છમાં પણ બપોર પછી વાતાવરણમાં પલટો આવ્યો છે. ભુજ તાલુકાના કોટડા ચકાર અને નારાણપર સહિતના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ પડતા માર્ગો પર પાણી વહી નીકળ્યા હતા. વરસાદની આગાહી વચ્ચે બપોર દરમિયાન જિલ્લાવાસીઓએ ઉનાળાના તાપનો અનુભવ કર્યો હતો. પરંતુ બપોર બાદ વાતાવરણમાં પલટો આવતા ઠંડક પ્રસરી હતી. હવામાન વિભાગે રાજ્યમાં આગામી 15 તારીખ

**સુધી વરસાદની આગાહી કરી છે અને માછીમારોને આવતીકાલથી ત્રણ દિવસ દરિયામાં જતા પહેલા સાવચેતી રાખવાની સલાહ અપાઈ છે..**

**------------------------------------------------------------------------------------**

## <u>પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ</u>

**પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ નોંધાયેલા તમામ ખેડૂત લાભાર્થીઓએ આગામી હપ્તાની ચૂકવણી પહેલા દર વર્ષે બાયોમેટ્રિક ઇ-કેવાયસી ફરજિયાત કરાવવું પડશે. આ યોજના અંતર્ગત લાભાર્થીઓને સમયસર સહાય મળી રહે તે માટે હવે લાભાર્થીઓએ દરેક નાણાકીય વર્ષના પહેલા હપ્તાના રિલીઝ પહેલા નિયત ઇ-કેવાયસી પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે તેમ, કૃષિ વિભાગની યાદીમાં જણાવાયું છે.**

**------------------------------------------------------------------------------------**